**<u>ક્રીમીનલ અપીલ નંબર–૩૪/૨૦૨૩</u>**

**<u>આંક–૪ ની અરજી નીચે વચગાળાનો હુકમ</u>**

૧. ક્રીમીનલ કેસ નંબર–૫૨૦/૨૦૧૯ ના કામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ સજા થતા હાલની અપીલ દાખલ થયેલી છે.

૨. ઉલ્લેખનીય છે કે, નામદાર સુપ્રિમકોર્ટના એ.આઈ.આર. ૨૦૧૯ સુપ્રિમકોર્ટ, પાના નંબર–૨૯૫૬, સુરીન્દરસીંઘ દેશવાલ વિરૂધ્ધ વિરેન્દ્ર ગાંધીના ચૂકાદામાં ઠરાવેલ છે કે, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૮ નો સુધારો તારીખ–૧/૯/૨૦૧૮ થી અમલમાં આવેલો છે તે પાશ્ચાતવર્તી એટલે કે રીટ્રોસ્પેકટીવ અસરથી આવેલો છે અને સજાના હુકમ સામે સી. આર. પી. સી. કલમ– ૩૮૯ હેઠળ અપીલની સુનાવણી વખતે જયારે સજાનો હુકમ મોકુફ કે સસ્પેન્ડ રાખવામાં આવે ત્યારે ફરજીયાતપણે દંડ અથવા વળતરના ૨૦ ટકા ડીપોઝીટ કરાવવાનો હુકમ કરવો પડે તેમજ ડીપોઝીટ કરવા માટે જે જે તે અરજદારને ૬૦ દિવસ કે તે પછી વધુ ૩૦ દિવસનો સમય આપી શકાય અને તે રીતે ડીપોઝીટ કરવાનો સમય આપવાનો છે અને કલમ–૧૪૮ માં " May " શબ્દ વાપરવામાં આવેલ છે તેને " Shall " તરીકે વાંચવાનો છે તથા તે રીતે અમલવારી કરવાની છે તેવું ઠરાવેલ છે.

૩. ત્યારબાદ તાજેતરમાં એ.આઈ.આર. ઓનલાઈન ૨૦૨૨ (ગુજરાત) પાના નંબર–૨૮૦ બાબુજી હરજીજી પ્રજાપતી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત (સ્પેશ્યલ ક્રીમીનલ એપ્લીકેશન નંબર–૪૦૪/૨૦૨૨, તારીખ–૧૭/૧/૨૦૨૨) ના ચૂકાદામાં પણ નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, કલમ–૧૪૮ ની જોગવાઈ મુજબ સજા મોકુફ રાખવા માટે ૨૦ ટકા ડીપોઝીટનો હુકમ કરતી વખતે કેસના ગુણદોષની ચર્ચા કરવાની નથી.

૪. હાલના કીસ્સામાં એપેલન્ટ તરફે આંક–૭ થી પુરસીસ આપી જાહેર કરેલ છે કે આ કામે પક્ષકારો વચ્ચે સમાધાનની વાતચીત ચાલુ છે. ચેકની રકમ રૂ.૪,૦૦,૦૦૦/– પુરાની છે અને એપેલન્ટને રૂ.૮૦,૦૦૦/– ચૂકવી આપેલ છે જે રકમ ચેકની રકમના ૨૦ ટકા થાય છે અને સદરહુ પુરસીસ ઉપર ફરીયાદી તથા ફરીયાદીના વિ.વ.શ્રી એ.એચ. પંડયાએ

શેરો કરેલ છે તથા તેઓની મૌખિક રજુઆત પણ છે જે ધ્યાને લીધેલ છે. આમ, આ કામે પક્ષકારો વચ્ચે સમાધાન અંગેની વાતચીત ચાલુ હોવાનું અને ૨૦ ટકા રકમ ફરીયાદીને ચૂકવી આપેલ હોવાનું જણાઈ આવતું હોઈ પક્ષકારોની રજુઆત ધ્યાને લઈ એપેલન્ટની આંક–૪ ની અરજી મંજુર કરી, અપીલના આખરી નિકાલ સુધી જામીન મુકત કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧. એપેલન્ટ/આરોપી તરફે રજૂ થયેલ આંક–૪ ની સજાના હુકમની અમલ બજવણી મોકુફ રાખવા માટેની અરજી મંજુર કરવામાં આવે છે અને ચેકની રકમના ૨૦ ટકા રકમ ચૂકવાઈ ગયેલ હોવાથી તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

૨. એપેલન્ટ/આરોપીએ રૂ.૧૦,૦૦૦/– અંકે રૂપિયા દશ હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરેથી સામાન્ય શરતોને આધિન અપીલના આખરી નિકાલ સુધી જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમની જરૂરી યાદી વિ. ટ્રાયલ કોર્ટને કરવી.

હુકમ આજરોજ તારીખ–૨૧, એપ્રિલ ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૨૧/૪/૨૦૨૩
સ્થળ– રાજપીપળા.

(**નેહલકુમાર રાજેશભાઈ જોષી**)
સેશન્સ જજ, નર્મદા
મું.રાજપીપળા.
(યુ.આઈ.કોડ નં. જી.જે. ૦૧૩૧૮)